નં-આઇસીડીએસ/આ.વા.કે/મકાન ભાડુ/
૨૦૧૩-૧૪/બાંધકામ/20195197/૨૦૧૩
કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય, ગાંધીનગર
તા. 6/૦૭/૨૦૧૩.

વંચાણે લીધા-

(૧) અધિક સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગરનો ઠરાવ નં-આઇસીડીએસ-૧૦૨૦૦૩/૨૩૯૨/બ, તા. ૧૧/૦૪/૨૦૦૭

(૨) ભારત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગના પત્ર ક્રમાંક: ૧-૮/૨૦૧૨-સીડી/૧ તા.૨૨/૧૦/૧૨

(3) સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૩/૫૯૩૧૬/ ઇ(બ) તા.૨૫/૪/૨૦૧૩

(૪) સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૩/૫૯૬૦૦/ ઇ(બ) તા.૨૫/૪/૨૦૧૩

(૫) સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૩/૫૯૩૦૦/ ઇ(બ) તા.૨૫/૪/૨૦૧૩

(૬) સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૩/૫૭૬૬૯/ ઇ(બ) તા.૨૫/૪/૨૦૧૩

(૭) સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૩/૪૧૯/(બ) તા.૨૯/૪/૨૦૧૩

(૮) સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૩/૪૧૫/ (બ) તા. .૨૯/૨૦૧૩

(૯) સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૩/૪૧૭/ (બ) તા. .૦૧/૦૫/૨૦૧૩

(૧૦) સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૩/૪૦૧/ (બ) તા. ૦૧/૦૫/૨૦૧૩

(૧૧) ભારત સરકારશ્રીનો તા. ૨૨/૧૦/૨૦૧૨નો પત્ર.

આમુખ-

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત રાજ્યની ભાડાના મકાનમાં બેસતી આંગણવાડીઓના મકાન ભાડાની ચુકવણી કરવાં સારૂ ભારત સરકારશ્રીનાં તા. ૯/૬/૨૦૦૫ નાં પત્ર અન્વયે મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગરનાં તા. ૧૧/૦૪/૨૦૦૭ નાં પરિપત્ર નીચે મુજબે

ભાડાના દર નક્કી કરવામાં આવેલ જે ભાડાના દરમાં વીજબીલનાં ખર્ચ પણ સમાવેશ કરવામાં આવે છે.

<u>જુના નોર્મ્સ:-</u>

| અનુ. નં | વિગત | દર |
|---|---|---|
| ૧ | ગ્રામ્ય વિસ્તાર | રૂ. ૨૦૦/- |
| ૨. | શહેરી વિસ્તાર | રૂ. ૭૫૦/- |

<u>પરિપત્ર</u>

(૧) ભારત સરકારશ્રીના તા. ૨૨/૧૦/૧૨ નાં પત્રથી સંકલિત બાળ વિકાસ યોજના સેવાના અમલીકરણ અંગે જુદી જુદી બાબતોના ધારાધોરણમાં જરૂરી સુધારા કરેલ છે. જેમાં આંગણવાડી કેન્દ્રમાં મકાન ભાડાની ચુકવણી અંગે નીચે મુજબ ધારાધોરણ અમલી કરવા જણાવેલ છે.

<u>નવા નોર્મ્સ</u>:- તા. **૧/૪/૨૦૧૩થી અમલમાં**

| આંગણવાડી કેન્દ્ર / મીની આંગણવાડી કેન્દ્ર | ફાળાનું ધોરણ |
|---|---|
| ગ્રામ્ય આદિજાતિ રૂ. ૭૫૦ પ્રતિ આંગણવાડી કેન્દ્ર/ પ્રતિ માહે | ૯૦:૧૦ |
| અર્બન શહેરી રૂ. ૩૦૦૦/- પ્રતિ આંગણવાડી કેન્દ્ર / પ્રતિ માહે | |
| મેટ્રિપોલિટન રૂ. ૫૦૦૦/- પ્રતિ આંગણવાડી કેન્દ્ર / પ્રતિ માહે | |

(૨) ઉક્ત જોગવાઈ મુજબે સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત જુના નોર્મ્સ મુજબે ચાલુ બાબતે આંગણવાડી કેન્દ્રના મકાન ભાડાની ચુકવણી કરવા તેમજ નવા નોર્મ્સને જોગવાઈ મુજબે નવી બાબતે આંગણવાડી કેન્દ્રના મકાન ભાડાની તફાવતની રકમની ચુકવણી કરવા નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

(૩) વિશેષમાં આંગણવાડી કેન્દ્રનાં મકાન ભાડાની ચુકવણી કરવા સારૂં જનરલ વિસ્તારની આંગણવાડી કેન્દ્ર, શહેરી વિસ્તાર આંગણવાડી કેન્દ્ર અને ટ્રાયબલ વિસ્તારની આંગણવાડી કેન્દ્ર એમ અલગ અલગ નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ ૯૦% કેન્દ્ર પુરસ્કૃત અને ૧૦% રાજ્ય પુરસ્કૃત યોજનામા નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

(૪) સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત રાજ્યની ભાડાનાં મકાનમાં બેસતી આંગણવાડી કેન્દ્રોનાં મકાન ભાડાની ચુકવણી કરવા સારૂં ઉક્ત ઠરાવોની જોગવાઈ મુજબે નીચે જણાવેલ શરતોને આધીન ફાળવવામાં આવતી ગ્રાન્ટનો મર્યાદામાં ખર્ચ કરવા વિનંતી છે

શરતો:-

(૧) ભાડાનું મકાન ઓછામાં ઓછું ૫૦.ચો.મી. (૫૦૦ ચો.ફુટ) વિસ્તારનું હોવું જોઇએ.

(૨) મકાન માલિક અને પ્રો.ઓ. / સીડીપીઓ વચ્ચે જરૂરી ભાડા કરાર ખત કરવાના રહેશે.

(૩) મકાન ભાડાની ચુકવણી મકાના માલિક ને ચેકથી જ ચુકવવાની રહેશે.

(૪) મકાન ભાડા સિવાય અન્ય કોઇ ચાર્જ ચુકવવાનો રહેશે નહી.

(૫) ભાડાનું મકાન હવા-ઉજાસ વાળુ અને પાકા મકાનનું ભોંયતળીયુ મળે અને શુધ્ધ પીવાનું પાણી, સેનિટેશન બ્લોકની સુવિધાવાળાને પ્રાથમિકતા આપવાની રહેશે.

(૬) ભાડાનું મકાન સ્થાનિક જાહેર નિવિદા દ્વારા મેળવવાનું રહેશે.

(૭) ભાડાના આંગણવાડી કેન્દ્રો ના સ્થળે નવા આંગણવાડી કેન્દ્રોનું બાંધકામ પૂર્ણ થયેલ હોયતો તેનો સત્વરે કબજો મેળવીને તે જગ્યાએ ચાલતા ભાડાનાં આંગણવાડી કેન્દ્રને તુરતજ જે તે મકાન માલિકને કબજો સોપી દેવાનો રહેશે.

(૮) ભાડાના આંગણવાડી કેન્દ્રના સ્થાળે નવુ મકાન નો કબજો સત્વરે મેળવેલ ન હોય અને નવા બાંધકામ થયેલ આંગણવાડીના પૂર્ણ થયેલ બાંધકામની તારીખ થી જયા સુધી ભાડાનું આંગણવાડી કેન્દ્ર ચાલુ રાખવામાં આવેલ હોય તેવા કિસ્સામાં સરકારશ્રી દ્વારા ચુકવેલ મકાન ભાડાની રકમ માટે જેતે ઘટકના સી.ડી.પી.ઓની જવાબદારી રહેશે.

(૯) વખતો વખતના વર્ષ બજેટ જોગવાઈને આધીન રહીને નાણા વિભાગ દ્વારા ફાળવવાઆમાં આવતી ગ્રાન્ટ મર્યાદા ખર્ચ કરવાનો રહેશે.

(૧૦) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે તે હેતુ માટે ખર્ચ કરવાનો રહેશે.

(૧૧) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણને આધિન રહેશે.

(૧૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમો આધિન ચાલુ બાબત તરીકે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૩) વિભાગે રજૂ કરેલા અંદાજોની સક્ષમ ખરાઈ કરાવી લેવાની રહેશે.

(૧૪) વર્ષના અંતે જો કોઇ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૧૫) આ પરિપત્રનો અમલ તાત્કાલિક અસર થી કરવાનો રહેશે.

કમિશ્નરશ્રી,
મહિલા અને બાળ વિકાસ
ગાંધીનગર

6/7/13

પ્રતિ

૧. નાયબ સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, તમામ.
૩. પ્રોગ્રામ ઓફિસરશ્રી, આઇસીડીએસ, જિલ્લા પંચાયત કચેરી, તમામ.
૪. અમિત ગોર(એમ.આઇ.એસ.-કન્સલ્ટન્ટ ) પરિપત્ર ઓનલાઇન મુકવા સારૂ.